|| શ્રી મહાવીરાય નમઃ || || શ્રી વીતરાગાય નમઃ || || નમો નાણસ્સ ||

# શ્રી બૃહદ્ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત : માતુશ્રી મણિબહેન મણશી ભીમશી છાડવા – ધાર્મિક શિક્ષણ બોર્ડ આયોજિત
વાર્ષિક પરીક્ષા જૈનશાળા / મહિલામંડળ / મિત્રમંડળ / યુવા ગ્રુપ નું પેપર

**તા. ૧૦-૦૧-૨૦૧૬ • સમયઃ સવારે ૯ થી ૧૨ • શ્રેણી : ૮ • ગુણ : ૧૦૦**

**(Dharmik Shikshan Board Certificate Course Level : 8)**

**પ્ર. : ૧. સૂત્ર વિભાગ : સામાયિક પ્રતિક્રમણના આધારે જવાબ લખો : (૩૦)**

**(ક) પાઠની પૂર્તિ કારો – કોઈ પણ બે :** ૬

(૧) ખમણિજ્જો ................................ જવણિજ્જં.

(૨) પિયં ........................................ બહુમયં.

(૩) સચ્ચં ....................................... સિધ્ધિમગ્ગં.

**(ખ) ગુજરાતી અર્થના માગધી શબ્દો લખો :** ૪

(૧) આજ્ઞા ૨) નિવર્તવાના ૩) સમતારૂપ સામાયિક વિશે ૪) ક્ષમા કરજો

**(ગ) શબ્દોના ગુજરાતી અર્થ લખો :** ૪

(૧) ચિન્તવનાર્થ ૨) અસાવગ ૩) પ્રકાર ૪) નિસીહિ ૫) ખામેમિ
૬) સમણોવાસએણં ૭) ખમાસમણાણં ૮) સેવણા

**(ઘ) પ્રશ્નોના ઉત્તર લખો :** ૧૨

(૧) ત્રસની જીવાયોની વિસ્તારથી લખો.

(૨) અરિહંતના ગુણ કેટલા છે ? ક્યા ક્યા ?

(૩) ૧૨૪ દોષ ટાળીને પ્રતિક્રમણ કરવાનું છે તે દોષ ક્યા ?

(૪) સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય જીવો શ્રાવક કેવી રીતે બની શકે ?

(૫) ઘટ ઘટની વાત જાણી દેખી રહ્યા છે, એટલે ?

(૬) ગણધર કોને કહેવાય ? તેઓ હાલમાં ક્યાં બિરાજે છે ?

**(ચ) એક જ શબ્દમાં જવાબ લખો :** ૪

(૧) કેવલી ભગવાનને ક્યું ચારિત્ર હોય ?

(૨) છેલ્લે ઉત્કૃષ્ટ ૧૭૦ તીર્થંકર ક્યારે થયા હતા ?

(૩) આહારના દોષ અને સાધુના આચાર કેટલા ?

(૪) ૮૪ લાખ જીવાયોનિને સમાવતો પ્રતિક્રમણનો ક્યો શબ્દ છે ?

(૫) સિધ્ધોની સંખ્યા કેટલી છે ?

(૬) ચાર ગતિમાંથી કઈ ગતિના જીવો મોક્ષમાં જઈ શકે ?

(૭) અરિહંતની ગેરહાજરીમાં તેમના પ્રતિનિધિ કોણ છે ?

(૮) સર્વાર્થ સિદ્ધથી સિદ્ધ વચ્ચેનું અંતર કેટલું છે ?

**પ્ર. : ૨. દંડકના આધારે પ્રશ્નોના ઉત્તર લખો (કોઈ પણ છ) : (૩૦)**

**(ક)** (૧) આહારક શરીર ક્યા કારણોથી બનાવાય છે ? ૧૨

(૨) નપુંસક વેદવાળા દંડક કેટલા ? ક્યા ક્યા ?

(૩) પાંચે સ્થાવરનો ઉપયોગ દ્વારા લખો.

(૪) સર્વાર્થસિદ્ધ વિમાનના દેવના વેદ, દૃષ્ટિ અને લેશ્યા લખો.

(૫) સંમૂર્ચ્છિમ મનુષ્યનો ઉપજવાનો અને ચવણ દ્વાર લખો.

(૬) વાયુકાયનો આહાર દ્વાર લખો.

(૭) ૨૪ દંડકનો ગતિ દ્વાર લખો.

**(ખ) વ્યાખ્યા લખો – કોઈ પણ ચાર :** ૪

(૧) મનઃ પર્યવજ્ઞાન ૨) સમુદ્ઘાત ૩) સમચતુરસ્ત્ર સંસ્થાન ૪) તેજો લેશ્યા ૫) દંડક

**(ગ) માત્ર આંકડામાં (સંખ્યામાં) જવાબ આપો :** ૪

૧) સંજ્ઞી તિર્યંચના શરીર ૨) મહાશુક્ર દેવલોકના દેવની ઉ.સ્થિતિ
૩) દેવકુરુના મનુષ્યના યોગ ૪) સંમૂર્ચ્છિમ મનુષ્યમાં ઉપયોગ ૫) તેઉકાયની લેશ્યા
૬) જુગલિયાની દૃષ્ટિ (૩૦ અકર્મભૂમિની) ૭) સ્ત્રીવેદના દંડક ૮) સિદ્ધમાં દર્શન

**(ઘ) ખાલી જગ્યા પૂરો :** ૩

(૧) તેજસ સમુદ્ઘાત ............ દંડકમાં હોય છે.

(૨) ભદ્દેના દેવની ઉ. સ્થિતિ ............ છે.

(૩) સંજ્ઞી સ્થળચરનું ઉત્કૃષ્ટ આયુષ્ય ............ છે.

(૪) રિઠા નારકીની ઉત્કૃષ્ટ અવગાહના ............ છે.

(૫) માખીની ઉત્કૃષ્ટ સ્થિતિ ........... છે.

(૬) પાંચ એકેન્દ્રિયના પર્યાપ્તામાં ........... દૃષ્ટિ હોય છે.

(પાછળ જુઓ)

**(ચ) અમને ઓળખો :** ૭

(૧) અમે અસંઘયણી છીએ.

(૨) અમારે એક સમકિત દ્રષ્ટિ છે.

(૩) કવલ આહાર ફક્ત અમારા શરીરવાળા જ લે છે.

(૪) અમારે ફક્ત મિથ્યાત્વ દ્રષ્ટિ છે.

(૫) અમારી ગતિ નથી

(૬) અમારો એક જ દંડક અલેશી છે.

(૭) અમારે એક વજ્રઋષભનારાચ સંઘયણ જ હોય છે.

**પ્ર. : ૩. (ક) કાળનું માપ અને અવગાહનાની સમજણ** **(૫)**

(૧) આંગુલના પ્રકાર કેટલા છે? કયા કયા ? ૧

(૨) કાળનું માપ કયા કયા સૂત્રમાં બતાવેલ છે? ૧

(૩) સમય કોને કહેલ છે. ૧

**(ખ) એક શબ્દમાં જવાબ લખો (વાક્ય પૂર્ણ કરો) :** **૨**

(૧) મુહૂર્ત કરતાં કાંઈક પણ ઓછો કાળ એટલે = ............

(૨) ૧ કરોડ × ૧ કરોડ = ............

(૩) ચાર હાથ બરાબર = ............

(૪) બે સમયથી ૯ સમય સુધીનો કાળ = ............

**પ્ર. : ૪. ૩૨ અસજ્ઝાયની સમજણ** **(૧૦)**

(૧) કાલિક સૂત્રો તેમજ ઉત્કાલિક સૂત્રોની સંખ્યા કેટલી છે ? ૫×૨
ચાર ઉત્કાલિક સૂત્રના નામ લખો. .

(૨) ઔદારિક શરીર સંબંધી:- ચંદ્રોપરાગ, પતન, રાજવ્યુદ્ગ્રહ
અશુચિ સામન્ત અસજ્ઝાયની સમજણ લખો

(૩) આકાશ સંબંધી :- બીજી, પાંચમી, સાતમી, નવમી અસજ્ઝાયના નામ લખો અને
કોઈ પણ એકની સમજણ લખો.

(૪) કાળ સંબંધી ૨૧ થી ૨૮ અસજ્ઝાયના નામ લખો.

(૫) **યોગ્ય જોડકાં ગોઠવો :**

ઉલ્કાપાત = રાત્રિનો પ્રથમ પ્રહર સુધી
વિદ્યુત = ૧ મુહૂર્ત સુધી
પ્રભાત = બે ઘડી સુધી
યૂપક = ૧ પ્રહર સુધી

**પ્ર. : ૫. મોક્ષમાર્ગ આરાધના :** **(૫)**

(૧) આત્માના ગુણોનું પોષણ કેવી રીતે કરીશું ?

(૨) ધર્મને ક્યાં ક્યાં ઘૂટવો ?

(૩) કર્મબંધનના કારણો કયા કયા છે ?

(૪) વિગય કેટલાં છે ? કયા કયા ?

(૫) ખાલી જગ્યા પૂરો :
૧) અરિહંત ભગવાને ભવ્ય જીવો પર ............ મોક્ષ પ્રાપ્તિનો ઉપાય બતાવ્યો છે.
૨) નારકી તો દુઃખી જ છે, પરંતુ ............ પણ દુઃખી છે.

**પ્ર. : ૬. કથાના આધારે નીચેના વાક્યો કોણ બોલે છે ?** **(૧૦)**

**(ક)** (૧) ''એક મુક્કાથી વૃક્ષના ફળ પાડી દેવાવાળા, તારું બધું બળ ક્યાં ચાલી ગયું ?'' ૧ ૧/૨

(૨) ''શ્રમણ ધર્મ મેરુ પર્વતનો ભાર ઉપાડવા સમાન છે.'' ૧ ૧/૨

(૩) ''ઉદ્યાન ખાલી થવા પર વિશાખાનંદી ત્યાં જઈ જ શકવાનો છે.'' ૧ ૧/૨

(૪) ''શું તમારી પાસે સાચો ધર્મ નથી ?'' ૧ ૧/૨

**(ખ) પ્રશ્નોના ઉત્તર લખો**

(૧) ભગવાન મહાવીરના છદ્મસ્થપણાના ઉપવાસ કેટલા ? પારણા કેટલાં ? ૧

(૨) ભગવાન મહાવીરે ચક્રવર્તી અને વાસુદેવની પદવી કેટલામા અને કયા ભવે પ્રાપ્ત કરી ? ૧

(૩) ભગવાન મહાવીરના મુખ્ય સાધુ-સાધ્વી, પ્રથમ શ્રાવક-શ્રાવિકાનું નામ લખો. ૧

(૪) ભગવાન મહાવીરને ઉપસર્ગ આપનાર : મિથ્યાત્વીદેવ, વ્યંતરી દેવીનું નામ લખો. ૧

(૫) ભગવાન મહાવીરના પ્રથમ -દ્વિતીય માતા-પિતા અને નગરીનું નામ લખો. ૨

**(ગ) સંબંધ લખો (ઓળખો) :** ૨

| | |
|---|---|
| ઋષભદેવ = મરીચિ | રિપુમર્દન = ત્રિપૃષ્ઠ વાસુદેવ |
| મરીચિ = કપિલ | સમરવીર = વર્ધમાન |

**પ્ર. : ૭. કાવ્ય પૂર્ણ કરો :** **(૧૦)**

(૧) ઉચ્ચૈર શોક ....... પાર્શ્વવર્તિ ।

(૨) મન્યેવરં........... ભવાન્તરેપિ ॥

(૩) સમ્પૂર્ણ મંડલ...........યથેષ્ટમ્ ॥।

(૪) ત્વત્ સંસ્તવેન............ મનધ્કારમ્ ।।

''જય જિનેન્દ્ર''